NAVSARI AGRICULTURAL UNIVERSITY

# હિસાબ નિયામકશ્રીની કચેરી

**નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી**

**યુનિવર્સિટી ભવન, એરૂ ચાર રસ્તા, દાંડી રોડ, નવસારી – ૩૯૬૪૫૦**

**ખાસ અગત્યનું**

## ✍ પરિપત્ર ✍

**સોલાર પેનલ (ઈલેક્ટ્રીક)ની માહિતી આપવા બાબત.**

આથી સંબંધિત સર્વેને જણાવવાનું કે, અત્રેની યુનિવર્સિટીમાં વિવિધ મકાનોનાં છત, ફાર્મ તેમજ અન્ય જગ્યાઓ ઉપર સોલાર પેનલો ફિટીંગ કરવામાં આવેલ છે. જેનો મુખ્ય ઉદ્દેશ્ય વીજ વપરાશના બીલોમાં બચત અને કાર્બન ઉત્સર્જનને ઘટાડવા તથા ગ્રીન એનર્જીને પ્રોત્સાહન આપવાનો છે. જેમાં અનુભવે ધ્યાનમાં આવેલ છે કે, **ઘણી કચેરીઓમાં સોલાર પેનલો (ઈલેક્ટ્રીક) ફિટ કરવામાં આવેલ હોવા છતાં વીજ વપરાશનું બીલ વધુ આવતુ હોય તેવું પ્રતિત થાય છે**, આથી યુનિવર્સિટીના તમામ કચેરી/ કોલેજો/ હોસ્ટેલો/ ફાર્મો /ગેસ્ટ હાઉસોમાં તેમજ અન્ય યુનિવર્સિટીના મકાનો ઉપર કે ખેતરોમાં અથવા અન્ય કોઈ જગ્યાઓ ઉપર ફિટ કરવામાં આવેલ સોલાર પેનલની માહિતીઓ આ સાથે સામેલ ફોર્મેટમાં **તા.૩૦/૦૬/૨૦૨૩ સુધીમાં ફક્ત સોફ્ટ કોપી**માં **comptroller@nau.in** ઉપર મોકલવા જણાવવામાં આવે છે.

વધુમાં જણાવવાનું કે, આપશ્રીની કચેરી દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવેલ માહિતિ સાથે અત્રેની કચેરીના તિજોરી શાખામાં રજુ કરવામાં આવતા વીજ વપરાશ બીલો, સોલાર પેનલ સંબંધિત આવક અને તમામ પ્રકારના ખર્ચના બીલો સાથે **ફેર ચકાસણી કરવામાં આવશે**. આ બાબતે વહીવટી-વ-હિસાબી અધિકારી તરફથી ખર્ચના બીલો અને આવકના ચલણો સંબંધિત જે પણ ખુલાશો/ સ્પષ્ટતા માંગવામાં આવે એ અત્રેની કચેરીની જાણ હેઠળ અચૂક કરવાના રહેશે અને જો સમય મર્યાદામાં ખુલાશો/ સ્પષ્ટતા ન કરવામાં આવે અને બીલોના ચૂકવણામાં વિલંબ થશે તો આ કારણે ઉપસ્થિત થયેલ પેનલ્ટી ભરવાની જવાબદારી જેતે કચેરી વડાની રહેશે. **અધુરી અને અપૂરતી માહિતિ બાબતે શરતચુક કે ટાઈપીંગ ભૂલો જેવા ખુલાશા/ સ્પષ્ટતા ચલાવી લેવામાં આવશે નહીં જેની ખાસ નોંધ લેવી.**

**જા.નં. નકૃયુ/હિનિ/વહટ/૨૨૩૯/૨૦૨૩**
**નવસારી, તા. ૧૭/૦૬/૨૦૨૩**

**હિસાબ નિયામક**

**નકલ સવિનય રવાના (e-પરિપત્ર દ્વારા):-**

(૧) અત્રેની યુનિવર્સિટીના તમામ યુનિવર્સિટી અધિકારીશ્રીઓ તરફ જાણ સારૂ.
(૨) અત્રેની યુનિવર્સિટીના તમામ કચેરીના વડાશ્રીઓ તરફ જાણ તથા અમલ થવા સારૂ.
(૩) અત્રેની યુનિવર્સિટીના તમામ ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીઓ તરફ જાણ તથા અમલ થવા સારૂ.

**નકલ રવાના (e-પરિપત્ર દ્વારા):-**

અત્રેની યુનિવર્સિટીના વહીવટી-વ-હિસાબી અધિકારીશ્રી તરફ જાણ તથા અમલ થવા સારૂ.